નવી બાબત વર્ષ ૨૦૧૯-૨૦

ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં જોગવાઇ તથા લક્ષ્યાંકમાં વધારો કરવા બાબત તથા તેને લગતી "વહીવટી મંજૂરી" આપવા બાબત.

ગુજરાત સરકાર,

ઠરાવ ક્રમાંક: અબડ/૧૨૨૦૧૯/૮૨૪/હ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૨૬/૦૯/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી (અ.જા.ક.)નો તા.૧૩/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૧૯/૫૭૨૪ - ૫૭૨૫

## આ મુ ખ :-

ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના ઘર વિહોણા કુટુંબોને આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦ ટકા રહેણાંક માટેના પોતાનું પાકું મકાન મળી રહે તે હેતુથી મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણી વર્ષ નિમિત્તે ઝુંબેશ સ્વરૂપે ગામડે ગામડે અનુસૂચિત જાતિના લાભાર્થીઓ શોધી કેમ્પનું આયોજન કરી, પ્રચાર - પ્રસાર કરી બહોળા પ્રમાણમાં પાક્કા મકાનો આપવાનું સરકારશ્રીનું આયોજન છે. જેથી ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં અંદાજપત્રમાં વધારો કરવાનું આયોજન હતું. સને ૨૦૧૮-૧૯માં રૂ.૩૫૯૧.૫૦ લાખની જોગવાઇ તેમજ ૨૯૯૩ લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ હતો. જેના વંચાણે લીધા ક્રમાંક (૧) થી નિયામકશ્રી (અ.જા.ક) દ્વારા ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાં રૂ.૫૪૦૮.૫૦નો વધારો કરી કુલ રૂ.૯૦૦૦.૦૦ લાખ અને લક્ષ્યાંકમાં ૪૫૦૭નો વધારો કરી કુલ-૭૫૦૦નો લક્ષ્યાંક માટેની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. સને ૨૦૧૯-૨૦માં ઉક્ત નવી બાબતની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ:

પુખ્ત વિચારણાના અંતે સને ૨૦૧૯-૨૦ની ઉક્ત "નવી બાબત" ને નીચે મુજબની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) ડૉ. આંબેડકર આવાસ યોજનાના પ્રવર્તમાન ધોરણોમાં કોઇપણ પ્રકારનો સુધારો કરવાના પ્રસંગે નાણા વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૧) આ યોજનાનું શરૂઆતથી અંત સુધી ઓનલાઇન (ONLINE) કામગીરી થાય તે પ્રમાણેનું SOFTWARE APPLICATION વિકસિત કરવાનું રહેશે.

૨. સદરહુ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ "નવી બાબત" ની જોગવાઇ નીચેના બજેટ સદરે કરવામાં આવી છે.

<u>બજેટ હેડ:-</u>

માંગણી નંબર :- ૯૫ (આયોજન)
મુખ્ય સદર:- ૨૨૨૫ - અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ
પેટા મુખ્ય સદર:- ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ
ગૌણ સદર:- ૨૮૩- આવાસન
પેટા સદર:- ૦૧-SCW-૧૭ ડૉ.આંબેડકર આવાસ યોજના
હેડ ચાર્જેબલ:- ૨૨૨૫ ૦૧ ૨૮૩ ૦૧
સ્કીમ નંબર:- ૧૩૭૪૪૯

3. આ યોજનામાં થનાર ખર્ચની વહીવટી મંજૂરીના હુકમો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૭/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવ્યા છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (અ.જા.ક.) (નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ.